રાજકોટમાં તા.૩૧ના વિશ્વકર્મા જયંતીએ શોભાયાત્રા, સમૂહલગ્નનું આયોજન

રાજકોટ તા.૧૯

આગામી તા.૩૧મી જાન્યુઆરીના શનિવારે વિશ્વકર્મા જયંતી છે. રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા શ્રી વિશ્વકર્મા જયંતી નિમિત્તે વિવિધ કાર્યક્રમોના આયોજનો કરાયા છે. જેમાં શોભાયાત્રા, સમૂહ લગ્નોત્સવ, મહા રકતદાન કેમ્પ, જ્ઞાતિ સમૂહ ભોજન (મહાપ્રસાદ) વગેરે યોજાશે. આ પ્રસંગે શ્રી વિરાટ વિશ્વકર્મા પ્રભુજી તથા પાંચ પુત્રો સાથે નવ દિવસીય મૂર્તિ સ્થાપન તથા નવ દિવસ જવારાવ્રત અનુષ્ઠાન મહોત્સવ ઉજવવામાં આવનાર છે. શ્રી વિરાટ વિશ્વકર્મા પ્રભુજી અને પાંચ પુત્રો સાથે નવ દિવસીય મૂર્તિ સ્થાપન તથા શ્રી વિશ્વકર્મા પ્રભુજી નવ દિવસીય જવારા વ્રત અનુષ્ઠાનનો આગામીતા.૨૩મીના શુક્રવાર (વસંત પંચમી)થી પ્રારંભ થશે જેમાં દરરોજ સવારે ૮-૩૦ કલાકે પૂજન તથા યજ્ઞ, દરરોજ રાત્રે ૮ વાગે સમૂહ, મંત્રજાપ તથા મહાઆરતી યોજાશે. વિશ્વકર્મા ધર્મ પ્રચારક-અમદાવાદના સંજયભાઈ તલસાણીયાનો વિશેષ સહયોગ મળ્યો છે. અનુષ્ઠાન શ્રી વિશ્વકર્મા ધામ, શાસ્ત્રી મેદાન, લીમડા ચોક, રાજકોટ ખાતે યોજાશે. વિશ્વકર્મા જયંતીના દિવસે તા.૩૧મીના ભવ્ય શોભાયાત્રાનું ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટ દ્વારા આયોજન કરવામાં આવેલ છે. તેમજ આ દિવસે સમૂહ લગ્નોત્સવ યોજાશે. સમૂહ લગ્ન વિશ્વકર્મા ધામ, શાસ્ત્રી મેદાન ખાતે યોજાશે.

તા.૩૧મીના વિશ્વકર્મા પ્રભુજીના મંદિરે મંગલ કાર્યક્રમ

ગુર્જર સુતાર જ્ઞાતિનું રાજકોટમાં દિવાનપરામાં શ્રી વિશ્વકર્મા પ્રભુજીનું મંદિર આવેલું છે. તા.૩૧ના શનિવારના મંદિરે સવારે ૬ વાગે ધજારોહણ, સવારે ૬-૩૦ કલાકે મંગળા આરતી, બપોરના બાર વાગે જવેરા તથા શ્રી વિશ્વકર્મા પ્રભુજીની શોભાયાત્રાનું સમાપન થશે. બપોરના ૧૨-૧૫ કલાકે રાજભોગ આરતી તથા સવારના ૮ વાગ્યાથી રાત્રીના આઠ વાગ્યા સુધી મહારકતદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ છે.

સમૂહ લગ્નોત્સવ

તા.૩૧મીના શનિવારે વિશ્વકર્મા ધામ, શાસ્ત્રી મેદાન ખાતે બપોરના ૨ વાગે સામૈયું, બપોરના ૩-૩૦ કલાકે હસ્ત મેળાપ, સાંજે ૬-૧૫ કલાકે સમૂહ આરતી તથા સાંજના ૬-૩૦ કલાકે જ્ઞાતિ સમૂહ ભોજન (મહાપ્રસાદ) તથા રાત્રે ૭-૧૫ કલાકે જ્ઞાતિ સમૂહ ભોજન (મહાપ્રસાદ) તથા રાત્રે ૭-૧૫ કલાકે કથયા વિદાય થશે. બપોરના ૨થી રાત્રીના નવ સુધી મહારકતદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ છે.

શોભાયાત્રાનો રૂટ

તા.૩૧મીના શનિવારે જવેરા તથા વિશ્વકર્મા પ્રભુજીની શોભાયાત્રા શાસ્ત્રી મેદાનથી સવારે ૮-૩૦ કલાકે શરૂ થશે જે માલવિયા ચોક, ગોંડલ રોડ, લોધાવાડ ચોક, બોમ્બે હોટલ, પેલેસ રોડ, ભૂપેન્દ્ર રોડ, દિવાનપરા શ્રી વિશ્વકર્મા પ્રભુજી મંદિરે બપોરના ૧૨ વાગે યાત્રાનું સમાપન થશે.

નવ દિવસીય જવારા વ્રત અનુષ્ઠાન

વિશ્વકર્મા ધામ, શાસ્ત્રી મેદાન, લીમડા ચોક, રાજકોટ ખાતે તા.૨૩મીના શુક્રવાર વસંત પંચમી)ના સવારના નવ વાગે શ્રી વિરાટ વિશ્વકર્મા પ્રભુજી તથા પાંચ પુત્રો સાથે નવ દિવસીય મૂર્તિ સ્થાપન તથા વિશ્વકર્મા પ્રભુજી નવ દિવસીય જવારા વ્રત અનુષ્ઠાન મહોત્સવનો પ્રારંભ થશે. દરરોજ સવારે ૮-૩૦ કલાકે પૂજન તથા યજ્ઞ રાતે ૮ વાગે સમૂહ મંત્ર જાપ તથા મહાઆરતી થશે. તા.૨૩મીના શુક્રવારે રાત્રે ૯થી ૧૦-૩૦ જવારા વ્રત ઉત્સવ અંતર્ગત ધર્મ પ્રચારક સંજયભાઈ તલસાણીયા દ્વારા પ્રવચન તા.૨૪મીના રાત્રે ૯થી ૧૦-૩૦ વિશ્વકર્મા બાળ મંડળના બાળકોનો કાર્યક્રમ, સ્પર્ધાઓ, તા.૨૫મીના રવિવારે બપોરે સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે. જેમાં ગુર્જર સુતાર જ્ઞાતિના ડોકટરો સેવા આપશે. બપોરના ૪થી ૭ ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટ પ્રેરિત દાદાની દીકરી ગ્રુપ દ્વારા બહેનો માટેની સ્પર્ધા યોજાશે. રાત્રે ૯થી ૧૦-૩૦ સુધી વિશ્વકર્મા ધુન મંડળ (ભાઈઓ) ભજનનો કાર્યક્રમ સાથે રાષ્ટ્રીય મતદાર દિવસની ઉજવણી અંતર્ગત કાર્યક્રમ રજૂ થશે.તા.૨૬ના રાત્રે ૯થી ૧૦-૩૦ 'વિશ્વકર્મા ધ યુનિવર્સલ' વિશ્વકર્મા વંશજ હોવાનું ગૌરવ થાય તેવી વાતો સુરેન્દ્રનગરના લેખક-વકતા દિનેશભાઈ ગજજર પ્રસ્તુત કરશે. તા.૨૭ના રાત્રે ૯થી ૧૦-૩૦ શ્રીનાથજી સત્સંગ, તા.૨૮ના રાત્રે ૯થી ૧૦-૩૦ વિશ્વકર્મા મહિલા ધૂન-કીર્તન સત્સંગ, તા.૨૯ના રાત્રે ૯થી ૧૦-૩૦ વિશ્વકર્મા ડાયરો તથા તા.૩૦મીના રાત્રે ૯થી ૧૦-૩૦ રાસ-ગરબાનો કાર્યક્રમ યોજાશે. ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટના પ્રમુખ રસિકભાઈ બદ્રકિયા, મુકેશભાઈ વડગામા, પ્રદીપભાઈ કરગથરા, મિતેષભાઈ ધાંગધરિયા, હર્ષદભાઈ બકરાણીયા, જગદીશભાઈ સોંડાગર તથા ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો મહોત્સવને ભવ્ય બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

નવ દિવસીય મૂર્તિ સ્થાપન તથા જવારાવ્રત અનુષ્ઠાન મહોત્સવ ઉજવાશે



અમરેલી ખાતે બાર એસોસીએશનાં નવનિયુકત હોદેદારોનો સન્માન સમારોહ યોજાયો

ભાજપ પ્રદેશ કિસાન મોરચાનાં પ્રમુખ હિરેન હિરપરાનું કરાયુ સન્માન

(મિલાપ રૂપારેલ દવારા)અમરેલી:

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની આગામી ચૂંટણીને અનુલક્ષીને અમરેલીના સિનિયરએડવોકેટ બકુલ પંડયાને વિજય અપાવવાના સંકલ્પ સાથે અમરેલી જિલ્લાના વકીલોએ વિજયનો શંખનાદ કર્યો છે.

આ તકે અમરેલી જિલ્લા બાર એસોસિએશન દ્વારા અમરેલી શહેરમાં વિજયના વધામણાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન બાર કાઉન્સિલની ચૂંટણીમાં ઉમેદવાર તરીકે બકુલ પંડયાના કાર્ય, અનુભવ અને વકીલ સમાજ માટેના યોગદાનને વિશેષ રીતે ઉજાગર કરવામાં આવ્યું હતું.

અમરેલી જિલ્લાના તમામ વકીલોએ એકસુરે બકુલ પંડયાને સંપૂર્ણ સમર્થન આપવાની પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી.આ ઉપરાંત, જિલ્લા તેમજ તાલુકા સ્તરે તાજેતરમાં નવનિયુકત થયેલા તમામ હોદ્દેદરોનો સન્માન સમારંભ પણ યોજાયો હતો.

આ સન્માન સમારંભમાં અમરેલી જિલ્લાના તથા તાલુકાના તમામ નવ નિયુકત હોદ્દેદારોને શુભેચ્છા પાઠવીને તેમના કાર્યકાળ દરમિયાન વકીલ સમાજના હિતમાં સકારાત્મક અને પારદર્શક કાર્ય કરવાની અપેક્ષા વ્યકત કરવામાં આવી હતી. તાજેતરમાં ગુજરાત કિશાન મોરચાના વરાયેલા પ્રમુખ હિરેનભાઈ હિરપરાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં અમરેલી જિલ્લા તેમજ તાલુકાના વકીલો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ ઉત્સાહપૂર્ણ અને એકતાભર્યા માહોલમાં સંપન્ન થયો હતો.આ કાર્યક્રમને સફળ બનાવવા અમરેલી વકીલ મંડળના પ્રમુખહિરેન્દ્રસિંહ વાળા, સેક્રેટરી જે.આર. વાળા તેમજ સમસ્ત હોદ્દેદારો, સિનિયર એડવોકેટ એલ.એન. દેવમુરારી, ડી.એમ. ભટ્ટ, ગિરીશ દવે, પિયુષ શુક્લા, અજય પંડ્યા, જયકાંતભાઈ સોજીત્રા એ જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમનું સંચાલન સીમાબેન જસાણીએ કર્યું હતું.

અવાજની નળી સંપૂર્ણ રીતે કાઢી, શ્વાસ લેવા માટે અલગ માર્ગ બનાવ્યો

અમરેલી ખાતે શાંતાબા જનરલ હોસ્પિટલમાં સ્વરપેટી કેન્સરનાં દર્દીની સર્જરીની સફળ સારવાર



(મિલાપ રૂપારેલ દવારા)અમરેલી:

શાંતાબા જનરલ હોસ્પિટલ ખાતે સ્વર પેટીના કેન્સરથી પીડીત દર્દી મોહનભાઈ ઠાકુરને સારવાર અર્થે લવાતા તપાસ બાદ તેમની સંપૂર્ણ સ્વર પેટી ટોટલ લેરિંજેકટોમી નામની સર્જરી કરી કાઢી નાખવાનું જણાતાઆ સર્જરી અનુભવી કેન્સર સર્જન ડો. અનુજ સુકેતુ શાહ,(એમ.બી.બી.એસ., એમ.એસ., ડો. એન.બી.) ના નેતૃત્વમાં કરવામાં આવી હતી. તેમની સાથે સર્જિકલ ઓન્કોલોજિસ્ટ ડો. ભાવિન વાડદોરીયા અને ડો. અક્ષર પટેલ, ડો. ગૌરબ મિત્રા પણ ટીમમાં જોડાયા હતા.ડોકટરની ટીમે અવાજની નળી સંપૂર્ણ રીતે કાઢી, શ્વાસ લેવા માટે ગળામાં અલગ માર્ગ બનાવ્યો હતો. આ જોખમી સર્જરી બાદ દર્દીની હાલત સંપૂર્ણ સ્વસ્થ સ્થિરરહેલ હતી. આ સંપૂર્ણ સારવાર પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (પીએમજય) હેઠળ દર્દીને સંપૂર્ણપણે નિ:શૂલ્ક આપવામાં આવી હતી. શાંતાબા જનરલ હોસ્પિટલમાં તમામ પ્રકારના કેન્સરની સારવાર કિમોથેરાપી ઘ્વારા તથા સર્જરી ઘ્વારા ઉપલબ્ધ હોવાથી અમરેલી જિલ્લાના દર્દીઓ માટે આ સારવાર સરળતા પૂર્વક ઉપલબ્ધ બની રહે છે. સમરસરની સફળ સારવાર બદલ દર્દીએ હોસ્પિટલ તથા ડોકટર ટીમનો આભાર વ્યકત કર્યા હતો.

દેવળા ગામે રૂપિયા ૧ કરોડના ખર્ચે નવી પ્રાથમિક શાળા બનશે

ખાતમૂહુર્ત કરી વિકાસ કાર્યોને વેગવનતું કરાયું

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

અમરેલી જિલ્લામાં ગાયકવાડ સરકારનાં સમયથી જ ફરજિયાત શિક્ષણના નિયમનો અમલ કરવામાં આવે છે. ત્યારે હાલના સમયમાં પણ જિલ્લામાં નાના નાના ગામોમાં આજે આધુનિક શાળાઓ બનાવવામાં આવી રહી છે.

ધારી તાલુકાના દેવળા ગામે શિક્ષણ અને માળખાકીય વિકાસને આગળ ધપાવતાં મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધારી તાલુકાના દેવળા ગામે રૂપિયા ૧ કરોડના ખર્ચે નવી પ્રાથમિક શાળાનું બનાવવાં માટેનું ખાતમૂહુર્ત કરી વિકાસ કાર્યોને વેગવનતું બનાવ્યું હતું.

આ નાનકડાં પરંતુ રળિયામણાં ગામમાં ધારાસભ્ય ગ્રાન્ટમાંથી દેવળા પ્રાથમિક શાળા ચોકથી શરૂ કરી પાટી વાળા રસ્તે રૂપિયા ૫ લાખના ખર્ચે પેવિંગ બ્લોકના કામનું ખાતમૂહુર્ત ધારીના ધારાસભ્ય જે.વી. કાકડીયાના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય જે.વી.કાકડીયાએ જણાવ્યું હતું કે, નવી પ્રાથમિક શાળા બનવાથી ગામના બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ માટે ઉત્તમ સુવિધા મળી રહેશે. અને પેવિંગ બ્લોકના રસ્તાથી ગ્રામજનોને આવનજાવનમાં પણ સહેલાઈ થશે. આ કાર્યક્રમ દરમ્યાન સમગ્ર દેવળા ગામમાં ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળ્યો હતો.

આ પ્રસંગે ચલાલા દાનમહારાજની જગ્યાના લઘુમહંત મહાવીરબાપુ, ધારી તાલુકા પંચાયત પ્રમુખ ઘનશ્યામભાઈ હીરપરા, તાલુકા ભાજપ પ્રમુખ મૃગેશભાઈ કોટડીયા, તાલુકા પંચાયત કારોબારી ચેરમેન બિચ્છુભાઈ વાળા, તાલુકા ભાજપ મહામંત્રી મુકેશભાઈ રૂપારેલિયા, તાલુકા પંચાયતના સદસ્યો, ભાજપના પદાધિકારીઓ, દેવળા અને આસપાસના ગામોના સરપંચો, માજી સરપંચો તેમજ ગામના આગેવાનો અને શાળા પરિવારના મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટમાં ધારાસભ્યા ઉદય કાનગડની ગ્રાન્ટઆમાંથી રેલનગર વિસ્તારોમાં રબ્બસર બ્લોદકના કામનોપ્રારંભ

રાજકોટ,

વિધાનસભા-૬૮માં વોર્ડ-૩ માં ધારાસભ્યટશ્રી ઉદય કાનગડની ગ્રાન્ટમાંથી રેલનગરની વિવિધ સોસાયટીઓ મોહન પાર્ક, સમર્પણ પાર્ક, અમળત પાર્ક ૧/૨ તથા પ્રમુખ સ્વામી પાર્ક સોસાયટીઓના સાર્વજનિક પ્લોટમાં રબ્બપર બ્લોકનું ખાતમુર્હુત કામ ધારાસભ્યા ઉદય કાનગડના હસ્તેટ અને મેયર નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્ર સિહ જાડેજા, શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, શાસક પક્ષના નેતા લીલુબેન જાદવ, વોર્ડના કોર્પોરેટરો અલ્પા?બેન દવે, કુસુમબેન ટેકવાણી, વોર્ડ પ્રભારી પુર્વેશ ભટ્ટ, વોર્ડ પ્રમુખ રણધીર સોનારા, પૂર્વ વોર્ડ પ્રમુખ હેમુભાઈ પરમાર, વોર્ડના મહામંત્રીઓની ઉપસ્થિતમાં કરવામાં આવ્યું હતું.

આ તકે ધારાસભ્યૂ ઉદય કાનગડએ જણાવેલ કે, દેશના યશસ્વીર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર ભાઈ મોદીના નેતળત્વાળી કેન્દ્રજની ભાજપ સરકાર અને રાજયના મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્ર ભાઈ પટેલના નેતળત્વનવાળી રાજયની ભાજપ સરકાર ધ્વા રા અમલમાં મૂકાયેલી વિવિધ જનહિતકારી યોજનાઓને કારણે દેશ, રાજયના સર્વાગિ વિકાસને નવી દિશા મળી રહી છે. શહેરના ઈન્ફ્રાકસ્ટ્રેક્ચધર વિકાસને નવી દિશા આપતા પેવર કામ, સી.સી. રોડ, પેવિંગ બ્લો?ક અને ડામર રોડ, રબ્બચર બ્લોરક સહિતના અનેક માર્ગ વિકાસના કામો વેગવંતા બન્યાવ છે અને રાહદારીઓની રોજિંદી અવર-જવર વધુ સરળ,સુરક્ષિત અને આરામદાયક બની રહી છે. વિધાનસભા-૬૮માં વોર્ડ-૩ના રેલનગરમાં વિવિધ સોસાયટીઓના સાર્વજનિક પ્લોટમાં રબ્બેર બ્લોાક કામથી સાર્વજનિક પ્લોડટો સામાજિક, સાંસ્કસળતિક અને આરોગ્યલક્ષી પ્રવતિઓ માટે વધુ ઉપયોગી બનશે તથા વિસ્તારિ વધુ સ્વોચ્છ, અને સુવિધા સંપન્ન બનશે.

પૂજ્ય મોરારી બાપૂ રામકથામાં સ્વામી ગોવિંદદેવ ગિરીજી અને જૈન આચાર્ય લોકેશજીનું સંબોધન

અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્રના સંસ્થાપક જૈન આચાર્ય લોકેશજી દ્વારા આયોજિત પૂજ્ય મોરારી બાપૂની રામકથાનું શ્રવણ કરવા સ્વામી ગોવિંદદેવ ગિરી ભારત મંડપમ ખાતે પધાર્યા. આયોજન સમિતિના સભ્યોએ પ્રતીકચિન્હ ભેટ આપી મુખ્ય તથા વિશિષ્ટ અતિથિઓનું સ્વાગત કર્યું. તેમણે જણાવ્યું કે જૈન આચાર્ય લોકેશમુનિજીએ રામકથાનું આયોજન કરીને ઇતિહાસ સર્જ્યો છે.

પૂજ્ય મોરારી બાપૂએ જણાવ્યું કે "રામની સર્વવ્યાપકતા અને સમાવીશિતતા તેમના જીવન, આદર્શો અને રામાયણની શિક્ષાઓમાં નિહિત છે, જે તેમને સાંસ્કૃતિક અને ભૌગોલિક સીમાઓથી પરે એક વૈશ્વિક પ્રતીક બનાવે છે. રામ રાજયનો આદર્શ તમામ કમજોર વર્ગોના અસ્તિત્વ અને ન્યાયને પ્રાથમિકતા આપે છે, જેથી સૌને સુરક્ષા અને પોતાનાપણાનો અનુભવ થાય. સમાજમાં ધર્મ, કર્તવ્ય, દયા તથા સમાનતાના શાશ્વત મૂલ્યોનું પાલન વિશ્વ શાંતિ અને સામાજિક સમરસતાનો માર્ગ પ્રશસ્ત કરે છે."

જૈન આચાર્ય લોકેશજીએ જણાવ્યું કે ભગવાન મહાવીરે તમામ જીવો માટે પ્રેમ, સમાનતા અને સમાવીશિતાના સિદ્ધાંતો પર ભાર મૂક્યો હતો. તેમણે તમામ પ્રાણીઓના ઉદ્ધાર, જાતિ-ધર્મથી પરે સમાનતા અને દરેક વ્યક્તિને સમાન અવસર આપવાની વાત કરી, જેના દ્વારા સામાજિક સમરસતા, વિશ્વ કલ્યાણ અને શાંતિનો માર્ગ સુગમ બને છે. અનેકાંતવાદ જૈન ધર્મનો મુખ્ય સિદ્ધાંત છે અને અનેકતામાં એકતા ભારતીય સંસ્કૃતિનો મૂળ મંત્ર છે.

સ્વામી ગોવિંદદેવ ગિરીજીએ જણાવ્યું કે ભારત વિવિધ ધર્મો, ભાષાઓ, જાતિઓ અને સમુદાયોનો દેશ છે, જ્યાં લોકો ઘણા વર્ષોથી સાથે રહી વિવિધતામાં એકતાનું ઉત્તમ ઉદાહરણ આપે છે. રામકથાના આ મંચ પર પણ સમાવીશિતતા સ્પષ્ટ જોવા મળે છે. જૈન આચાર્ય લોકેશજી અને રામકથા વાચક મોરારી બાપૂએ ભારત મંડપમમાંથી વિશ્વ શાંતિ અને સદભાવનાનો સંદેશ આપ્યો છે, અને આ પ્રયાસો એક દિવસ અવશ્ય સફળ થશે તેની ગુંજ વહેલી તકે સમગ્ર વિશ્વમાં સંભળાશે.

ભારત મંડપમમાં અહિંસા વિશ્વ ભારતી દ્વારા આયોજિત રામકથામાં ૩૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓએ કથા શ્રાવણનો આનંદ લીધો.

સૌરાષ્ટ્રય યુનિવર્સિટી સંસ્કૃત ભવન દ્વારા પૌરાણીક સાહિત્યેમાં ભારતીય જ્ઞાન પરંપરાની કાર્યશાળા યોજાઇ

રાજકોટ,

અનુસ્તાનનક સંસ્કૃત ભવન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે ભારતીય જ્ઞાન પરંપરાના સંવર્ધન અને શૈક્ષણિક અભ્યાાસને પ્રોત્સારહન આપવા હેતુસર''પૌરાણિક સાહિત્યામાં ભારતીય જ્ઞાન પરંપરા'' વિષયક બે દિવસીય રાષ્ટ્રી ય કાર્યશાળા સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

કાર્યશાળાના ઉદઘાટન સમારંભમાં સૌરાષ્ટ્રન યુનિવર્સિટીનામાં કુલપતિ પ્રો. ઉત્પયલ જોષી, પ્રો. સંજીવકુમાર શર્મા, પૂર્વકુલપતિશ્રી,

આભાર - નિહારીકા રવિયા સેન્ટ્રતલ યુનિવર્સિટી, મોતીહારી(બિહાર) પ્રો. શાંતિલાલ સાલવી. સંસ્કૃનત વિભાગ, દિલ્હીત વિશ્વવિદ્યાલય, પ્રો. કૌશલ પંવાર, આચાર્ય, સંસ્કૃીત અનુશાસન, માનવિકી વિદ્યાપીઠ, નવી દિલ્હીર, ડો. મનીષભાઈ ધામેચા, કુલસચિવ વિશેષ ઉપસ્થિતિ રહયા હતા.

બે દિવસીય કાર્યશાળા દરમ્યાીન પૌરાણિક સાહિત્યીમાં રહેલી ભારતીય જ્ઞાન પરંપરા, વૈદિક-પૌરાણિક વિચારધારા, ભારતીય તત્વપચિંતન, નૈતિક મૂલ્યોક, સંસ્કિળતિ અને આધુનિક સમાજમાં તેની પ્રાસંગિકતા અંગે ઊંડાણપૂર્વક ચર્ચાઓ યોજાઈ હતી.

વિવિધ સાત સત્રોમાં વિદ્વાનોના વક્તાવ્યોણ રજૂઆત, વિચારવિમર્શ અને પ્રશ્નોત્તરી દ્વારા વિષયને વિશદ રીતે સમજાવવામાં આવ્યોગ હતો.

કાર્યશાળાના સમાપન સમારંભમાં ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરના પૂર્વ કુલપતિશ્રી વૈધ સંજીવભાઈ ઓઝા ઉપસ્થિવત રહી બૌદ્ધિક જ્ઞાન આપ્યું કાર્યશાળાના સંયોજિકા તરીકે અનુસ્નાઉતક સંસ્કૃીત ભવન, સૌરાષ્ટ્રિ યુનિવર્સિટીના મુલાકાતી અધ્યાતપક ડો. શારદાબહેન રાઠોડે સફળતા પૂર્વક કર્યું હતું.કાર્યશાળાને સફળ બનાવવામાં કુલપતિશ્રીના સીધા માર્ગદર્શનમાં અનુસ્નાસતક સંસ્કૃાત ભવનના અધ્યરક્ષ પ્રો. રાજાભાઈ કાથડ અને કાર્યશાળાની સમિતિના સદસ્યો ડો. ટી.એલ. શ્રીમાળી, ડો. બી.પી.મોરી, ડો.એચ.જી.અગ્રાવત, ડો.જી.એસ.બોરીચા, ઉપરાંત ભવનના વહીવટી સ્ટા.ફ શ્રીહિરલ બહેન ડોબરિયા, જાગળતિબહેન મોરબીયા, રીનાબહેન ભવનના વિદ્યાર્થીઓ તેમજ ડો.આંબેડકર ચેરનો સમગ્ર સ્ટા,ફ ડો. રવી ધાનાણી, ડો. મુકેશ ચૌહાણ, ડો. કાન્તિસલાલ, ડો.વીનેશ, ડો.પ્રકાશ સાકળીયા એ જહેમત ઉઠાવી હતી.